ફોરમ/૨૦૦૨.
તા. /૦૯/૨૦૦૨.
પ્રતિ,

સુજ્ઞ મહોદયશ્રી,

''ભરૂચ સીવીલ એન્જીનીયર્સ ફોરમ'' (ફોરમ) ની સ્થાપના આજથી લગભગ ૧૫ મહિના અગાઉ થઈ હતી. ''ફોરમની સ્થાપના ફકત નિસ્વાર્થ સમાજસેવાના હેતુથી જ કરવામાં આવી છે. સીવીલ એન્જીનીયર વર્ગ સમાજની પ્રગતિ માટે મહત્તમ યોગદાન આપી શકે તેમ છે. કારણ કે સામાજિક વિકાસના દરેક તબક્કે સીવીલ એન્જીનીયર પોતાની કાર્યકુશળતા દ્વારા આ વિકાસ કાર્યોમાં નોંધપાત્ર ફાળો આપી શકે તેમ છે. ''ફોરમ'' ને એ વાતનો વિશેષ આનંદ અને ગર્વ છે કે આપ ''ફોરમ''ની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ છે.

ગયા વર્ષમાં ''ગોલ્ડન બ્રીજની ક્ષમતાની ચકાસણી'' ના વિષય ઉપરની નિષ્ણાતો દ્વારા પરિચર્ચા કેન્દ્રસ્થાને હતી. ભારત ભરમાંથી આ વિષયમાં પારંગત અને પ્રતિષ્ઠત સંસ્થાઓમાં મોભાદાર હોદ્દો ધરાવનાર નિષ્ણાતો થકી આ પરિચર્ચાનું આયોજન ''ફોરમ'' દ્વારા કરવામાં આવ્યુ હતું ગોલ્ડન બ્રીજની ક્ષમતા સુધારવાને લગતા ઘણા અપવાદોની સમિક્ષા આ પરિચર્ચામાં થયેલ તેમાં કરવામાં આવેલ વિવિધ સુચનો પૈકી ''નર્મદા નદીમાં ભરૂચ નજીક વીયરની રચના'' નું પણ એક સુચન હતું. ગોલ્ડ બ્રીજ જો થોડા વર્ષો પછી કાર્યરત ના રહે (તેની શકયતા ઘણી મજબુત છે.) તો ભરૂચ, અંકલેશ્વર વચ્ચે હળવા વાહનવ્યવહાર સમસ્યા ઘણી ગંભીર બની શકે છે. આ સંજોગોમાં આ વીયરની રચનાથી ઉપરોકત સમસ્યાનો પરિણામ લક્ષી ઉકેલ આવી શકે. આ ઉપરાંત દરીયાઈ ખારાશ ની નર્મદા નદીમાં લગભગ ભરૂચ સુધી પ્રસરી ગઈ છે. તેને આગળ વધતી અટકાવવામાં પણ આવો વીયર આડબંધ ખુબ ઉપયોગી બની રહે. એક વધારાનો પેટા પ્રશ્ન નર્મદા બંધની રચના પછી નર્મદા નદીમાં ઉપરવાસમાંથી પાણીની આવકમાં ઘટાડો થાય તો પણ દરીયાઈ ખારાશને વધુ આગળ વધવાનો મોકો મળે. તો પણ ઉકેલ આ આડબંધની રચના પછી આવી શકે. કારણ કે આડબંધ થવાથી પાણીનો જથ્થાનો સંગ્રહ કરી શકાય અને તેની બીજી બાજુથી ખારાશ આવતી પણ અટકાવી શકાય.

આપને જાણીને આનંદ થશે કે ''ફોરમ'' એ આ મુદ્દાને અપનાવ્યો છે અને તે ----- કરવા કટીબધ્ધ છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેદ્રભાઈ મોદીની ભરૂચ યાત્રા વખતે ભરૂચ વિકાસમાં અડચણરૂપ પ્રશ્નની જાણકારી અંગે ભરૂચના કલેકટર દ્વારા .--------------------------- -----------------------
છણાવટ સાથે આગળ ધર્યો હતો. એ જ માત્રામાં આ પ્રશ્ન જયારે મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ થયો ત્યારે તેઓએ પણ આ પ્રશ્નને ધ્યાનથી સાંભળ્યો હતો અને તેના પરીણામ લક્ષી આ ઉકેલ માટે સરકાર તરફથી બધીજ સગવડો તથા મંજુરી આપવાની ખાતરી આપી છે. નર્મદા નદીના સંજોગો જેવા જ સંજોગો મહિ નદીમાં સર્જાયા હતા અને ત્યાં પણ તાજેતરમાં જ સરકારની મંજુરી કર્યા બાદ વીયરનું બાંધકામ શરૂ થયું છે. સુરતમાં પણ તાપી નદી ઉપર આવા પ્રશ્નનો નિકાલ માટે આવો વીયર છેલ્લા ૮ વર્ષથી કાર્યરત છે. આ વીયરનો ઉંડાણથી અભ્યાસ કરીને તેની સંપૂર્ણ ટેકનીકલ માહિતી સાથે ભરૂચના નિષ્ણાંત સીવીલ એન્જીનીયર અને ફોરમના સભ્ય શ્રી મહેશ બારોટે તા. ૨૯/૭/૨૦૦૨ના રોજ ફોરમના સભ્યો સમક્ષ પ્રવચન આપ્યું હતું.

આ મુદ્દો ગંભીર છે અને તેને કાર્યક્ષમ અભિગમથી ઉપાડવો જરૂરી છે. પરંતુ તેને પરિણામ લક્ષી પ્રયત્નોથી યોગ્ય ગતિ આપીને આગળ વધારવા માટે તેની યોગ્ય રજુઆત કરી તેની મંજુરી મેળવવા માટે અને આ યોજનાને સાકાર કરવા માટેના નક્કર પ્રયત્નો આપ જેવા ભરૂચ અને અંકલેશ્વરના હિતેચ્છુ જવાબદાર અને નિષ્ઠાવાન

નાગરીકોના સહકાર વગર અધુરૂ છે. લોકજાગૃતિ અભિયાન ચલાવવું, વ્યવસ્થિત, મુદ્દાસર અને શ્રેણીબધ્ધ આધિકારીક રજુઆત કરવી, તેને માટે ફોલો અપ કરવું. સ યોજના માટે આર્થિક સહાયના સ્ત્રોતની જાણકારી ઉભી કરવી. આ બધાજ મુદ્દાઓમાં ખંત અને વિયક્ષણ પ્રયત્નોની જરૂર હોય છે. આથી આ બધાને માટે આપના સુચનો તથા આપના સહકારની ''ફોરમ''ને અપેક્ષા છે.

આગળ જણાવ્યા પ્રમાણે આપ ઉપરોકત પ્રશ્નના ઉકેલમાં મહત્વનું યોગદાન આપી શકો તેમ છે. આપે ભૂતકાળમાં પણ આવા પ્રશ્નોના ઉકેલ પ્રત્યે આપનો લગાવ આપના હકારાત્મક વલણ દ્વારા દર્શાવ્યો છે. ત્યારે ''ભરૂચ સીવીલ એન્જીનીયર્સ ફોરમ'' આપની સમક્ષા આપના મહામુલા સુચનો અને સહકાર માટેની વિનંતી કરે છે.

આ બધાજ મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરવા માટે ''ફોરમ'' દ્વારા એક મિટીંગનું આયોજન ''સેમીનાર હોલ - એસ.વી.એન. ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી કોલેજ કેમ્પસ - ભરૂચ'' ખાતે તા. ----/૦૯/૨૦૦૨ ના દિવસે સાંજે ૭ વાગે કરવામાં આવ્યું છે. આપને તેમાં હાજર રહી આપના તરફથી સુચનો જણાવવા તથા સહકારનો હાથ આગળ કરવા નમ્ર વિનંતી છે.

આભાર

આપનો વિશ્વાસુ

જી.જી.નાનકાની
પ્રમુખ